### ગ્રાહકો માટે મૂળભૂત સુવિધાઓનો અભાવ, જવાબદારો મૌન સેવી રહ્યા છે

## બેંક ઓફ બરોડા ડભોઈ શાખામાં અવ્યવસ્થા ચરમસીમાએ

**શાખા** મેનેજર દ્વારા ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરાઈ હોવાનો દાવો

**વયવૃદ્ધો,** મહિલાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી થાકીને આવતા ગ્રાહકોને બેસવા પૂરતી ખુરશીઓ ઉપલબ્ધ નથી



(પ્રતિનિધિ) ડભોઈ, તા.3
દેશની અગ્રણી અને વિશ્વસનીય જાહેર ક્ષેત્રની બેંકોમાં સ્થાન ધરાવતી બેંક ઓફ બરોડાની ડભોઇ નગરની વડોદરી ભાગોળ ખાતે (દેના બેંક) આવેલી શાખામાં વહીવટી અવ્યવસ્થા દિવસેને દિવસે વધી રહી હોવાનું સ્પષ્ટ બની રહ્યું છે. ગ્રાહકોને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ઉચ્ચ કક્ષાએથી પાસબુક પ્રિન્ટર જેવી સુવિધા ફાળવાઈ હોવા છતાં, શાખામાં મૂળભૂત વ્યવસ્થાનો જ અભાવ જોવા મળે છે. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં ગરમીનો પ્રકોપ વધતા બેંકમાં પોતાના નાણાકીય કામકાજ માટે આવતા વયવૃદ્ધો, મહિલાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી થાકીને આવતા ગ્રાહકોને બેસવા પૂરતી ખુરશીઓ ઉપલબ્ધ નથી. અનેક ખુરશીઓ તૂટેલી હાલતમાં છે, જ્યારે કેટલીક ખુરશીઓ ઉપયોગલાયક જ નથી. પરિણામે ગ્રાહકોને લાંબા સમય સુધી ઊભા રહેવું પડે છે, જે માનવતા વિરુદ્ધની સ્થિતિ ઉભી કરે છે.

આ અંગે સ્થાનિક નાગરિકો અને વયવૃદ્ધોએ અનેકવાર શાખા તંત્ર સમક્ષ રજૂઆત કરી હોવા છતાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી. શાખા મેનેજર દ્વારા ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરાઈ હોવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ જો એવું છે તો પ્રશ્ન ઊભો થાય છે કે ગ્રાહક સુવિધા જેવી પ્રાથમિક બાબતમાં તાત્કાલિક નિર્ણય શા માટે લેવાતો નથી? શું જવાબદારી એકબીજા ઉપર ઠાલવવામાં આવી રહી છે? આ ઉપરાંત જાણવા મળતી વિગતો મુજબ કેટલાક કર્મચારીઓ દ્વારા અયોગ્ય અને અવગણનાપૂર્ણ ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી ગ્રાહકોમાં અસંતોષ ફેલાયો છે. બેંક જેવી સંવેદનશીલ સેવા ક્ષેત્રમાં શિસ્ત અને સૌજન્ય અનિવાર્ય હોવા છતાં આવી ઘટનાઓ ચિંતાજનક છે. સ્થાનિક સ્તરે બેંકની પ્રતિષ્ઠા ઉપર આ પરિસ્થિતિનો નકારાત્મક પ્રભાવ પડી રહ્યો છે. તંત્રએ તાત્કાલિક હસ્તક્ષેપ કરી શાખામાં બેસવાની યોગ્ય વ્યવસ્થા, તૂટેલી ખુરશીઓનું બદલાણ અને કર્મચારીઓમાં જવાબદારીનો ભાવ વિકસાવવો જરૂરી બની ગયો છે. ગ્રાહકોને સુવિધા આપવી એ બેંકની પ્રથમ ફરજ છે – અને તેમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહનશીલ નથી.

## પાદરા ઝોન-1માં દિનુમામા બિનહરીફ, મામા પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય અભિવાદન

**તેમના** જૂથના કુલ ૬ જેટલા ડિરેક્ટરો પણ બિનહરીફ થયા હોવાનું જાણવા મળે



(પ્રતિનિધિ) પાદરા, તા.3
મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી બરોડા ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં પાદરા ઝોન-૧માંથી દિનુમામા બિનહરીફ થતા સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. પાદરા ખાતે પહોંચેલા દિનુમામાનું દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ મંત્રી મતદારો-સભ્યો, સહકારી આગેવાનો, APMC ડિરેક્ટરો, નગર પાલિકા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને સરપંચો સહિત અગ્રણીઓએ ફૂલહાર પહેરાવી અભિવાદન કર્યું હતું. ફોર્મ ચકાસણી બાદ દિનુમામા બિનહરીફ જાહેર થયા છે, જ્યારે તેમના જૂથના કુલ ૬ જેટલા ડિરેક્ટરો પણ બિનહરીફ થયા હોવાનું જાણવા મળે છે.

ઉલ્લેખનીય છે કે સામે પક્ષના ભાસ્કરભાઈ પટેલનું ફોર્મ રદ થતા પાદરા ઝોન-૧માં દિનુમામા માટે માર્ગ સરળ બન્યો હતો. આ પ્રસંગે યોજાયેલા અભિવાદન કાર્યક્રમમાં સમર્થકોમાં જીતનો માહોલ જોવા મળ્યો હતો. આ તબક્કે દિનુમામાએ પોતાના જૂથના ૬ ડિરેક્ટરો બિનહરીફ થતા ખુશી વ્યક્ત કરી હતી અને મતદારોનો આભાર માન્યો હતો. સાથે જ તેઓ સામે કરવામાં આવેલા આક્ષેપોને લઈને ફરી એકવાર કોર્ટમાં બદનક્ષીનો દાવો કરવાની તૈયારી હોવાનું જણાવ્યું હતું. દિનુમામા જણાવ્યું હતું કે, મતદારો અને સહકારી આગેવાનો એ મને જે વિશ્વાસ આપ્યો છે તે માટે હું હૃદયપૂર્વક આભારી છું. મારા મતદારો અને પાદરાની તમામ દૂધ ડેરીના દૂધ ઉબ્ભોગ્તાઓનું કદી અહિત નહિ થાય સારા ભાવ આપવામાં આવેલ છે અને આવશે. ૨૦૧૨ થી અત્યાર સુધી માં ૨૫૦ કરોડ નું ડેવલોપમેન્ટ કરવામાં આવેલ છે.

### વાઘોડીયા તાલુકામાં આદિવાસી સંસ્કૃતિની ઝલક : તાલુકાની 27 વસાહતીઓ પરંપરાગત વેશભૂષામાં

## ખેરવાડીમાં હોળીના તહેવાર નિમિતે નર્મદા વસાહતીઓનો ભંગોરીયાનો મેળો

**યુવકો** યુવતીઓ મસમોટા ઢોલના તાલે થનગનતા જોવા મળ્યા





(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.3
વાઘોડિયા તાલુકામાં વસતા મુળ મધ્યપ્રદેશ મહારાષ્ટ્રના નર્મદા અસરગ્રસ્ત આદિવાસીની 27 વસાહતના લોકોએ હોળી પર્વની ધામધૂમથી ઉજવણી કરી હતી. પોતાની આગવી સંસ્કૃતિ અને પરંપરાને પેઢી દર પેઢી આગળ ધપાવવા માટે 27 વિસ્થાપિતો દ્વારા ખેરવાડી ગામે તાલુકામાં પ્રથમ વખત ભંગોરિયાનો મેળો યોજવામાં આવ્યો હતો. આદિવાસી સમાજ પોતાના પરિવારના ભરણ પોષણ માટે રાજ્ય તેમજ રાજ્ય બહાર મહેનત મજૂરી કરવા સ્થળાંતર કરતા રહે છે જોકે સમાજ ના લોકો હોળી જેવા તહેવારમાં પરત વતન ફરી એકત્ર થાય તેવા હેતુંએ ભંગોરીયાના મેડા નું આયોજન કરવામાં આવતું હોય છે આ મેળામાં ઘેરિયાઓ ઘેર ઉઘરાવતા હોય છે. સાથેજ વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ યુવકો યુવતીઓ મસમોટા ઢોલના તાલે થનગનતા જોવા મળ્યા હતા. પાવો, ખંજરી, ઘુઘરા, શરણાઈ વગેરે વાજિંત્રો સાથે નાચતા ગાતા જોવા મળ્યા હતા. વાઘોડીયા તાલુકાની કુલ 27 નાની મોટી વસાહત દ્વારા વાઘોડિયા ધારાસભ્યના પુત્ર સિધ્ધરાજસિંહ વાઘેલા તથા સામાજિક કાર્યકર કિરીટસિંહ જાડેજા સહિત તાલુકા તેમજ કાર્યકર્તા ની ટીમ દ્વારા વિધિવત મેડાનું લોકાર્પણ કર્યો હતું. પોતાની સાંસ્કુતિક અને ધાર્મિકતા પોતાના વતન છોડ્યા બાદ વિસરાઈ ના જાય તે માટે વાવડા તાલુકામાં પ્રથમવાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સંખેડાની વિશ્વ વિખ્યાત લાકડાની હસ્તકલા સાથે જોડાયેલી સખી મંડળીની બહેનો સાથે સંવાદ કર્યો

## છોટાઉદેપુર પ્રભારી મંત્રી મનિષા વકીલે ભાટપુરના કાર્યકરોની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) સંખેડા, તા.3
આજરોજ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ડૉ.મનીષાબેન વકીલજી ભાટપુર મુકામે પધાર્યા .અને જનસંઘ ના અને જુના સનિષ્ઠ કાર્યકર શ્રી મંગુભાઈ પટેલ અને જશુભાઈ પટેલ ના ઘરે શુભેરછા મુલાકાત કરી જૂની વાતો ને યાદ કરી પાર્ટી ની વિચારધારા નો વ્યાપ દરેક નાના માં નાના માણસ સુધી પહોંચે એવી ઈચ્છા વ્યક્ત કરી અને ભાજપ પાર્ટી ના સનિષ્ઠ કાર્યકતા ને સંખેડા સર્કિટ હાઉસ ખાતે મુલાકાત કરી.



છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રીમતી ડૉ.મનીષાબેન વકીલજીની છોટાઉદેપુર પ્રવાસ દરમિયાન સંખેડા તાલુકાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરીને હૃદયપૂર્વક સ્વાગત કર્યું. જિલ્લા તેમજ તાલુકાના મહામંત્રી સહિતના પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને સંખેડાની વિશ્વ પ્રસિદ્ધ હસ્તકલા નિહાળી, સખી મંડળની બહેનો સાથે આત્મીય સંવાદ કરતા - પ્રભારી મંત્રી ડૉ. મનિષાબેન વકીલ સંખેડાની પરંપરાગત કળા દ્વારા બહેનો બની આત્મનિર્ભર કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ સંખેડાના કારીગરો માટે ITI કુબેરનગર ખાતે યોજાયો ખાસ વર્કશોપ છોટાઉદેપુર,૩ માર્ચઃ- છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી અને મહિલા અને બાળ કલ્યાણ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રીશ્રી ડૉ. મનિષાબેન વકીલે આજે સંખેડા તાલુકાની મુલાકાત લીધી હતી.

### પાદરા પી.આઈ. વિજય ચારણના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠક

## પાદરા પોલીસ સ્ટેશન ખાતે રમજાન અને હોળી ધુળેટી નિમિત્તે શાંતિ સમિતિની બેઠક

**તહેવારો** શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં ઉજવવા સહકારની અપીલ કરી



(પ્રતિનિધિ) પાદરા, તા.4
આજરોજ પાદરા પોલીસ સ્ટેશન ખાતે ચાલી રહેલ રમજાન માસ તેમજ હોળી ધુળેટી તહેવારોને ધ્યાનમાં રાખીને શાંતિ સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. પાદરા પી.આઈ. વિજય ચારણના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સામાજિક સૌહાર્દ અને ભાઈચારો યથાવત્ રહે તે બાબતે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા. બંને સમાજના આગેવાનોએ પણ તહેવારો શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં ઉજવવા સહકાર આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

પોલીસ દ્વારા અફવાઓથી દૂર રહેવા, કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તરત પોલીસને જાણ કરવા તથા જાહેર શાંતિ જાળવવામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. બેઠક અંતે સૌએ મળીને તહેવારો આનંદ અને શાંતિપૂર્વક ઉજવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## શિનોર ટાઉનમાં નાગરવાડામાં પ્રગટવામાં આવેલી હોળી

**ભૂદેવો** દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે હોળિકા દહન



(પ્રતિનિધિ) શિનોર, તા.3
શિનોર તાલુકાના સાધલી શિનોર તાલુકોમાં દર વર્ષે પરંપરાગત રીતે હોળી પર્વની ઉજવણી કરવામાં આવે છે અને આ વર્ષે સાધલી ગામે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ગામના મુખ્ય ચોક ખાતે હોળિકા દહન કરવામાં આવશે, જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા આ કાર્યક્રમ ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે હોળિકા દહન ગામનાસુખ-સમૃદ્ધિમાટેપ્રાર્થના કરવામાં આવી હતી ગ્રામજનોની મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા ગામના આગેવાનો ગ્રામ જણો હોળી પ્રગટાવી, પૂજા અર્ચના કરી આરોગ્ય, અને સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી ત્યારબાદ હોળીકાની પ્રદક્ષિણા કરી આશીર્વાદ લીધા હતા. શાંતિપૂર્ણ અને સુરક્ષિત ઉજવણી માટે અપીલ કરવામાં આવી છે. બીજા દિવસે ગ્રહણ હોવાના કારણે બુધવારે નાના-મોટા સૌ એકબીજાને ગુલાલ લગાવી શુભેચ્છા પાઠવે છે. બાળકો પિચકારી અને પાણીના બલૂન ફુગ્ગા થી રમે છે.

### હરીફ ઉમેદવારોના ફોર્મ રદ થતાં સહકારી ક્ષેત્રમાં ખુશીની લહેર

## બરોડા ડેરી ચૂંટણીમાં સંખેડા-બોડેલી ઝોનમાં બે ઉમેદવાર બિનહરીફ વિજેતા થતા અભિવાદન

**સંખેડા** ઝોનમાંથી રમેશભાઈ બારીયા, બોડેલી ઝોનમાંથી ક્રિપાલસિંહ મહારાઉલનો વિજય

(પ્રતિનિધિ) સંખેડા, તા.3
બરોડા ડેરીની ચૂંટણી પ્રક્રિયામાં સંખેડા-બોડેલી ઝોનમાંથી બે ડિરેક્ટરો બિનહરીફ વિજેતા બનતાં સહકારી ક્ષેત્રમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. હરીફ ઉમેદવારોના ઉમેદવારીપત્રો ટેકનિકલ કારણોસર રદ થતાં બંને ઉમેદવારોને વિજય મળ્યો છે.





સંખેડા ઝોનમાંથી રમેશભાઈ બારીયા બિનહરીફ વિજેતા જાહેર થયા છે. રમેશભાઈ બારીયા મેવાસ બારીયા સમાજના પ્રમુખ તરીકે પણ કાર્યરત છે અને તેઓ સતત બીજી વખત બરોડા ડેરીના ડિરેક્ટર તરીકે ચૂંટાયા છે.

તે જ રીતે બોડેલી ઝોન નં. ૧૦માંથી ક્રિપાલસિંહ મહારાઉલ બિનહરીફ વિજેતા બન્યા છે. ક્રિપાલસિંહ મહારાઉલ સતત બીજી વખત અને કુલ ચોથી વખત બરોડા ડેરીના ડિરેક્ટર તરીકે ચૂંટાયા છે.

વિજય જાહેર થતાં બોડેલી અને સંખેડા તાલુકાના પશુપાલકો, સહકારી આગેવાનો અને કાર્યકરોએ બરોડા ડેરી ખાતે પહોંચી બંને ડિરેક્ટરોને શુભેચ્છાઓ પાઠવી હતી. સમર્થકોએ ગુલદસ્તા અને ફૂલહાર પહેરાવી અભિનંદન વ્યક્ત કર્યા હતા.

બંને વિજેતા ડિરેક્ટરો જણાવ્યું હતું કે, પશુપાલકોનું હિત જાળવવું અને સહકારી સંસ્થાનો સર્વાંગી વિકાસ કરવો અમારી પ્રાથમિક ફરજ રહેશે.

## ચંદ્રગ્રહણને પગલે છોટાઉદેપુર નગરના મંદિરો બંધ રહ્યા




(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા.3
છોટાઉદેપુર જિલ્લા સહિત નગર ખાતે ચંદ્રગ્રહણને ધ્યાનમાં રાખીને મંદિરના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ સુદ પૂનમ, તા. ૩ માર્ચ ૨૦૨૬ના રોજ ચંદ્રગ્રહણને કારણે મંદિર દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. તેમ મંદિરના મહંત શ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું. જાહેરાત મુજબ આજે સવારની આરતી બાદ સવારે ૬:૦૦ વાગ્યા સુધી મંદિર દર્શન માટે ખુલ્લા રાખવામાં આવ્યા હતું. ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન મંદિરો દર્શનાર્થીઓ માટે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યા હતા. ચંદ્રગ્રહણ અને સૂતક કાળને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું મહંતશ્રી દ્વારા જણાવાયું હતું. અને ત્યાર બાદ તા. ૪ માર્ચ ૨૦૨૬, બુધવારથી મંદિરના આરતી અને દર્શનનો નિયમિત સમય યથાવત્ શરૂ કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

### આદિવાસી ગ્રામજનો અંગારા ઉપર ચાલી બાધા પૂરી કરશે

## છોટાઉદેપુર ખાતે હોળીના બીજે દિવસે ભરાતો ચૂલનો મેળો ચંદ્ર ગ્રહણના કારણે આજે ભરાશે

**અહીંનો** આદિવાસી સમાજ પોતાની આગવી સંસ્કૃતિ અને રીતરિવાજ માટે જાણીતો છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા.3
આદિવાસી પંથકમાં મુખ્ય તહેવાર હોળી માં તમામ કામકાજ છોડી હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતો આદિવાસી સમાજ પરંપરાગત રીતે આજે પણ નિયમબદ્ધ છે. છોટાઉદેપુર આદિવાસી જિલ્લામાં હોળી મુખ્ય તહેવાર છે. હોળી પહેલા અને પછી પણ આદિવાસી વિસ્તારોમાં ભંગોરીયાના હાટ તથા મેળાઓની શરૂઆત થઈ જાય છે.

છોટાઉદેપુર એસ એફ હાઈસ્કૂલની પાછળ સરકારી હોળી તરીકે જાણીતી હોળી પ્રગટે છે. એના બીજા દિવસે ચૂલનો મેળો રજવાડી સમયથી ભરાય છે. ચાલુ સાલે ફાગણી પૂનમની હોળી તા 3 માર્ચે હતી પરતું 3 માર્ચના રોજ ચંદ્ર ગ્રહણ હોઈ સમગ્ર પંથકમાં હોળી 2 માર્ચ ના રોજ પ્રગટાવવામાં આવી હતી. જેથી હોળી દહન ના બીજે દિવસે આજરોજ ગ્રહણ હોય રજવાડા સમય થી ભરાતો ચૂંલ નો મેળો 4 માર્ચે ભરાશે. ખાસ તો આ મેળાની અંદર વિશેષતા એ હોય છે કે આદિવાસી ઓએ બાધા રાખી હોય તો એ પૂર્ણ થતાં ધગધગતા અંગારા ઉપર ચાલે છે. અને બાધા પૂર્ણ કરતા હોય છે.

હોળી પ્રગટી હોય એના બીજા દિવસે જ્યાં હોળી પ્રગટી હોય એની નજીકમાં એક લાંબો ખાડો ખોદવામાં આવે છે તેમાં હોળીના અંગારા હોય એ નાખવામાં આવે છે એના ઉપર જે વ્યક્તિઓ પોતાના ઉપર અથવા તેના પરિવારના માથે મુશ્કેલી આવી હોય એ દૂર થતા અગ્નિ ઉપર ચાલવાની બધા રાખી હોય એ પૂર્ણ કરે છે.

જેઓ હોળીના અંગરામાં ચાલનારા હોય તેઓ ઘરેથી પોતાના દેવને નમીને આવે છે અને જ્યાં ચુલનો ખાડો ખોડયો હોય ત્યાં શ્રીફળ ચઢાવી અગ્નિમાં ચાલે છે.

## વાગરા-પીસાદ રોડ પર ટ્રેલરની ટક્કરે બાઈક ચાલક યુવાનનું મૃત્યુ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.3
વાગરા તાલુકામાંથી પસાર થતા વાગરા-પીસાદ માર્ગ પર આવેલા એચ.પી. પેટ્રોલ પંપ નજીકના જોખમી વળાંકે ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતા ટ્રેલર નં.GJ16-AU-0844ની સામેથી આવતી સ્પોર્ટ્સ બાઈક નં.GJ-16-DM-5380 સાથેની અડફેટે ભેરસમ ગામના 28 વર્ષીય વિજય ઉર્ફે કિશન નરેશભાઈ રાઠોડનું ઘટનાસ્થળે જ મોત નિપજાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, વિજય રાઠોડ પોતાની R-15 બાઈક પર વાગરાથી પખાજણ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સામેથી આવતા ટ્રેલરના ચાલકે નજીકના વળાંક પર બેદરકારી દાખવતાં ભીષણ અથડામણ થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે યુવાનને માથા તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં તેમણે ત્યાં જ અંતિમ શ્વાસ લીધા હતા.

### સ્થાનિક તરવૈયાઓની મદદથી બોડી બહાર કાઢાઈ

## નર્મદા કેનાલમાંથી વડોદરાના 20 વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

**વાઘોડિયા રોડ** વાલ્મિકીનગરમાં રહેતો હર્ષિલ વસાવા કેનાલમાં ડૂબી ગયો

(પ્રતિનિધિ) શિનોર, તા.3
શિનોર તાલુકાના મોટા કરાળા ગામ પાસે પસાર થતી નર્મદા નિગમની માઈનોર કેનાલમાંથી વાઘોડિયા રોડ, વાલ્મિકીનગર વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષીય યુવક હર્ષિલ વસાવાનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, હર્ષિલ વસાવા મોટા કરાળા ગામ તરફ ગયો હતો. ગામ નજીક આવેલી નર્મદા નિગમની માઈનોર કેનાલના ગેટ પાસે તેનું કાળા રંગનું શર્ટ, કાળા રંગની પેન્ટ, ચપ્પલ તથા મોબાઈલ મળી આવ્યા હતા. આથી કેનાલમાં નાહવા પડતા યુવક ડૂબી ગયો હોવાની પ્રાથમિક શંકા ઊભી થઈ હતી.



હર્ષિલના પિતાએ શિનોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા શિનોર પોલીસ અને કરજણ ફાયર વિભાગની ટીમે મોટા કરાળા ગામથી સીમળી ગામ તરફ જતી નર્મદા કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. સ્થાનિક તરવૈયાઓની મદદ લઈ અંતે કેનાલમાંથી યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.